# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 30-06-2026 EVENING: 7.50 TO 8.00

Day: MONDAY NATIONAL NEWS

## આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિદ્યાર્થીઓને શિક્ષણનો ઉપયોગ ન્યાયી અને સમાવેશી સમાજ બનાવવાના સાધન તરીકે કરવા હાકલ કરી

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે મજબુત અર્થતંત્રને મજબૂત સંરક્ષણ ક્ષમતાઓનો પાયો ગણાવ્યો

3) ગુજરાતના વડોદરામાં બે દિવસની વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ત્રણ લાખ 34 હજાર કરોડ રૂપિયાના સમજૂતી કરાર થયા

4) વિદેશ મંત્રી ડો.  એસ. જયશંકરે કહ્યું ભારતે 26થી વધુ દેશ સાથે 28 પ્રવાસન અને ગતિશીલતા ભાગીદારી કરાર કર્યા

5) ફૂટબોલ ફિફા વિશ્વકપમાં આજે રાત્રે આઇવરી કોસ્ટ ટેક્સાસમાં નોર્વે સામે ટકરાશે

........................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE PREZ- AP VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં કેન્દ્રીય જનજાતીય યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહમાં વિદ્યાર્થીઓને શિક્ષણનો ઉપયોગ ન્યાયી અને સમાવેશી સમાજ બનાવવાના સાધન તરીકે કરવા હાકલ કરી. તેમણે કહ્યું કે શિક્ષિત યુવાનોએ ફક્ત પોતાની પ્રગતિ માટે જ નહીં પરંતુ નબળા વર્ગોના ઉત્થાન માટે અને રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા માટે પણ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓને સામાજિક પરિવર્તનના વાહક બનવા માટે આગ્રહ કરતા કહ્યું કે શિક્ષણનો હેતુ ફક્ત રોજગાર સુરક્ષિત કરવાનો જ નહીં, પરંતુ સમાજ, સંસ્કૃતિ, પરંપરાઓ અને આર્થિક પ્રગતિને મજબૂત બનાવવાનો પણ હોવો જોઈએ. તેમણે કહ્યું કે દરેક શિક્ષિત યુવાને પછાત વર્ગોને આગળ વધારવામાં મદદ કરવી જોઈએ અને 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં યોગદાન આપવું જોઈએ.

(PRESIDENT-VIKAST-BHARAT)

અર્થપૂર્ણ શિક્ષણના મહત્વ અંગે રાષ્ટ્રપતિએ કહ્યું કે વિદ્યાર્થીઓએ શૈક્ષણિક શિક્ષણને વ્યવહારુ જ્ઞાન સાથે જોડવું જોઈએ અને નવી કુશળતા પ્રાપ્ત કરતી વખતે તેમના સમુદાય, સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જોડાયેલા રહેવું જોઈએ.

(બાઇટ – PRESIDENT-CULTURE-PRSERVATION)

આ પ્રસંગે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે દેશની જ્ઞાન પ્રણાલીના મૂળ આદિવાસી સમાજમાં છે. જેમણે પ્રકૃતિ, જંગલો, કૃષિ અને પશુપાલનનું અમૂલ્ય જ્ઞાન સાચવ્યું છે. તેમણે કહ્યું કે આ પરંપરાગત જ્ઞાનને સમકાલીન જરૂરિયાતો અનુસાર સ્વીકારવું જોઈએ.

# PM-HUL DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે હુલ દિવસ નિમિત્તે વિદેશી શાસનના અન્યાય સામે અડગ રહીને લડનારા સિધો-કાન્હુ, ચંદ-ભૈરવ, ફૂલો-ઝાનો સહિત તમામ બહાદુર આદિવાસી યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. શ્રી મોદીએ કહ્યું કે હુલ દિવસ એ આદિવાસી સમુદાયોની અસાધારણ હિંમત અને અતૂટ ભાવનાનું શક્તિશાળી પ્રતીક છે જેમણે માતૃભૂમિ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. તેમણે કહ્યું કે આદિવાસી ગૌરવ અને સન્માનના રક્ષણ માટે તેમના સંઘર્ષ અને બલિદાનની ગાથા દેશવાસીઓને ઉર્જા અને પ્રેરણા આપતી રહેશે.

# GUJ-RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગુજરાતના વડોદરામાં આજે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનના સમાપન સત્રને સંબોધતા કરતાં જણાવ્યું છે કે મજબુત અર્થતંત્ર એ મજબૂત સંરક્ષણ ક્ષમતાઓનો પાયો છે.

(બાઇટ - RAJNATH-ON-ATAMNIRBHAR)

શ્રી સિંહે કહ્યું વડોદરા ભારતની પ્રથમ ખાનગી ક્ષેત્રનું પહેલું લશ્કરી વિમાન ઉત્પાદન સુવિધાનું કેન્દ્ર છે. ટાટા ગ્રુપ અને એરબસ સંયુક્ત રીતે C-295 પરિવહન વિમાનનું ઉત્પાદન કરી રહ્યા છે,

(બાઇટ – રાજનાથ સિંહ)

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેરાત કરી કે બે દિવસીય વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલન  દરમિયાન ત્રણ લાખ 34 હજાર કરોડ રૂપિયાના સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા છે. જેનાથી આગામી દિવસોમાં આ ક્ષેત્રમાં એક લાખ 97 હજારથી વધુ રોજગારીની તકો ઉભી થશે

# SHAH FCRA PORTAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ (FCRA) 2.0 પોર્ટલ અને ઇલેક્ટ્રોનિક ઓવરસીઝ સિટીઝન ઓફ ઇન્ડિયા (e-OCI) કાર્ડ લોન્ચ કર્યું. આ પ્રસંગે બોલતા, શ્રી શાહે કહ્યું કે બંને પહેલ નાગરિક સેવાઓમાં સુધારો કરશે અને FCRA પોર્ટલ દ્વારા દાન મેળવનારાઓને આવતી મુશ્કેલીઓનો ઉકેલ લાવશે. તેમણે કહ્યું કે જ્યારે ઇરાદો સ્પષ્ટ હોય, નીતિ પારદર્શક હોય અને ટેકનોલોજીને અપનાવવાની માનસિકતા હોય, ત્યારે પ્રામાણિક લોકો માટે તમામ પ્રકારના શાસન સરળ બને છે. તેમણે ભાર મૂક્યો કે ખોટું કરનારાઓ સામે કડક દેખરેખ પ્રણાલી સ્થાપિત થાય છે, અને દેશ વધુને વધુ સુરક્ષિત બને છે.

ગૃહમંત્રીએ માહિતી આપી કે નવી સિસ્ટમમાં OCI સિસ્ટમમાં જે શરૂઆતી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો તેનું નિરાકરણ કરવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યું કે 20 વર્ષ બાદ જ્યારે નવો પાસપોર્ટ જારી કરવામાં આવશે, ત્યારે OCI પુસ્તિકા ફરીથી જારી કરવાની જરૂર રહેશે નહીં, અને કાર્ડધારકનો નોંધણી નંબર અનન્ય રહેશે.

FCRA 2.0 પોર્ટલ ફોરેન કોન્ટ્રીબ્યુશન (રેગ્યુલેશન) એક્ટ હેઠળ પાલનને સરળ બનાવવા અને દેખરેખ અને અમલીકરણ પદ્ધતિને મજબૂત બનાવવા માટે વિકસાવવામાં આવ્યું છે.

e-OCI કાર્ડ એ એક મુખ્ય નાગરિક-કેન્દ્રિત પહેલ છે જેનો હેતુ વૈશ્વિક ભારતીય સમુદાય માટે OCI સેવાઓને સંપૂર્ણપણે ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા રૂપાંતરિત કરવાનો છે. નવી સિસ્ટમ હેઠળ, અરજદારો અરજી સબમિટ કરવા અને સહાયક દસ્તાવેજો

અપલોડ કરવાથી લઈને મંજૂરી પછી ડિજિટલી જનરેટ થયેલ કાર્ડ ડાઉનલોડ કરવા સુધીની સમગ્ર OCI પ્રક્રિયા ઓનલાઈન પૂર્ણ કરી શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# JAISHANKAR-MOBILITY FORUM

વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું હતું કે ભારતે 26 થી વધુ દેશો સાથે 28 પ્રવાસન અને ગતિશીલતા ભાગીદારી કરારો પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે ગેરકાયદેસર સ્થળાંતર, શોષણકારી પ્રથાઓ, કપટી મધ્યસ્થી અને માનવ તસ્કરીનો સામનો કરવા માટે રાષ્ટ્રોની સામૂહિક જવાબદારી પર ભાર મૂક્યો હતો. નવી દિલ્હીમાં માનવ સંસાધન ગતિશીલતા મંચમાં સંબોધતા વિદેશ મંત્રીએ જણાવ્યું હતું સલામત અને કાયદેસર ગતિશીલતા પ્રત્યે દેશની પ્રતિબદ્ધતા ઇ-માઇગ્રેટ પ્લેટફોર્મમાં પ્રતિબિંબિત થાય છે, જેની સ્થાપનાથી અત્યાર સુધી પચાસ લાખથી વધુ ઇમિગ્રેશન મંજૂરીઓ જારી કરી છે. ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે ભારત સલામત, વ્યવસ્થિત અને કાયદેસર પ્રવાસન સુનિશ્ચિત કરવા માટે દ્વિપક્ષીય સહયોગની જરૂરિયાતને પણ સમજે છે.

વિદેશ મંત્રીએ કહ્યું કે ટેકનોલોજીકલ નવીનતા અભૂતપૂર્વ ગતિએ ઉદ્યોગોને નવું સ્વરૂપ આપી રહી છે. વિશ્વ ગહન પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, અને કૃત્રિમ બુદ્ધિમત્તા, ઓટોમેશન, ડિજિટાઇઝેશન અને હરિત પરિવર્તન ભવિષ્યના અર્થતંત્ર માટે જરૂરી કુશળતાને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યા છે. ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે ભારતનો ગતિશીલતા પ્રત્યેનો અભિગમ ફક્ત વિદેશમાં રોજગારની તકો પૂરી પાડવા પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે આંતરરાષ્ટ્રીય સહયોગનો ખૂબ જ મહત્વપૂર્ણ સ્તંભ છે.

# DHIRAJ SETH-COAS

જનરલ ધીરજ સેઠે 31મા ભૂમિદળના વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી ચાર દાયકાથી વધુ સમય સુધી દેશની સેવા કર્યા બાદ આજે નિવૃત્ત થયા. જનરલ સેઠ પુણેમાં ખડકવાસલા નેશનલ ડિફેન્સ એકેડેમી NDAના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને ડિસેમ્બર 1986માં આર્મર્ડ કોર્પ્સમાં કમિશન્ડ થયા હતા. લગભગ ચાર દાયકાની વિશિષ્ટ લશ્કરી સેવામાં તેમણે કામગીરી, વ્યૂહરચના, ક્ષમતા વિકાસ અને સંસ્થાકીય ક્ષેત્રોમાં વ્યાપક અનુભવ મેળવ્યો છે. તેમણે ભારતીય સેનાની લડાઇ ક્ષમતા અને લાંબા ગાળાના પરિવર્તનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

તેમના કમાન્ડ સોંપણીઓમાં રણ પ્રદેશમાં આર્મર્ડ રેજિમેન્ટ, પશ્ચિમી મોરચા પર આર્મર્ડ બ્રિગેડ અને જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરોધી દળનો સમાવેશ થાય છે. લેફ્ટનન્ટ જનરલ તરીકે તેમણે ભારતીય સેનાના મુખ્ય સ્ટ્રાઈક ફોર્મેશન સુદર્શન ચક્ર કોર્પ્સનું કમાન્ડ કર્યું. તેમણે દિલ્હી વિસ્તારમાં જનરલ ઓફિસર કમાન્ડિંગ તરીકે મુખ્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લશ્કરી કામગીરી અને ઔપચારિક જવાબદારીઓ સંભાળી હતી.

# JAPAN PM VISIT

જાપાનના પ્રધાનમંત્રી સનાઈ તાકાઈચી ૧૯મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં હાજરી આપવા માટે આવતીકાલે સાંજે નવી દિલ્હી પહોંચશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે આ શિખર સંમેલન બંને પક્ષોને દ્વિપક્ષીય સહયોગના તમામ પાસાઓની સમીક્ષા અને મજબૂતીકરણ કરવાની અને પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરવાની તક પૂરી પાડશે.

મુલાકાતના બીજા દિવસે પ્રધાનમંત્રી તાકાચીનું રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા અને મુખ્ય ક્ષેત્રોમાં સહયોગને વધુ ગાઢ બનાવવાના માર્ગો પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. ત્યારબાદ સમજૂતી કરારનું આદાન-પ્રદાન કરવામાં આવશે અને સંયુક્ત પ્રેસ રિલીઝ જારી કરવામાં આવશે. બપોરે, પ્રધાનમંત્રી તાકાચી રાષ્ટ્રીય રાજધાનીમાં યોજાઈ રહેલા ભારત-જાપાન વ્યાપાર મંચમાં ભાગ લેશે.

પ્રધાનમંત્રી તાકાઈચીની આ ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાત છે. ગયા વર્ષે ઓગસ્ટમાં ૧૫મા ભારત-જાપાન વાર્ષિક શિખર સંમેલન માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ટોક્યો મુલાકાત બાદ આ મુલાકાત છે. આ મુલાકાત ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટે બંને દેશોની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# EVE. FIFA WORLD CUP

ફૂટબોલ ફિફા વિશ્વકપમાં મોરોક્કો અને પેરાગ્વે રાઉન્ડ ઓફ 16 માં પ્રવેશ કરી ચૂક્યા છે. મેક્સિકોના ગુઆડાલુપેમાં રોમાંચક 1-1 ડ્રો બાદ મોરોક્કોએ નેધરલેન્ડ્સને પેનલ્ટી શૂટઆઉટમાં 3-2 થી હરાવ્યું. બોસ્ટનમાં પેનલ્ટી શૂટઆઉટમાં પેરાગ્વે સામે 1-1 ડ્રો બાદ જર્મનીનો પરાજય થયો.

ગઈકાલે મોડી રાત્રે હ્યુસ્ટનમાં જાપાન પર 2-1 થી વિજય મેળવીને બ્રાઝિલે રાઉન્ડ ઓફ 16 માં પોતાનું સ્થાન પણ નિશ્ચિત કરી લીધું છે. આજે રાત્રે, આઇવરી કોસ્ટ ટેક્સાસમાં નોર્વે સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે સાડા દશ વાગ્યે શરૂ થશે.

# EVE ICG RESCUE OPERATION

ભારતીય તટરક્ષકના જહાજ સચેતે મેંગલુરુ કિનારે દરિયાઈ શોધ અને બચાવ અભિયાનમાં ભારતીય માછીમારી બોટ મંજુ માથામાંથી છ માછીમારોને બચાવ્યા છે. દળે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ગઈકાલે ખરાબ હવામાનમાં બોટ ક્ષતિગ્રસ્ત થયા બાદ તેમાં પાણી ભરાઈ ગયા બાદ તમામ જીવિત વ્યક્તિઓને રિમોટ સંચાલિત લાઇફબોયની મદદથી બચાવી લેવામાં આવ્યા હતા. તટરક્ષકે જણાવ્યું હતું કે બચી ગયેલા લોકોને તબીબી સહાય માટે ન્યુ મેંગલુરુ લાવવામાં આવી રહ્યા છે અને સ્થાનિક અધિકારીઓને સોંપવામાં આવી રહ્યા છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ અભિયાન સમુદ્રમાં જીવનનું રક્ષણ કરવા માટેની ભારતીય તટ રક્ષક દળની અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. જે સૌથી પડકારજનક દરિયાઈ કટોકટીનો સામનો કરવામાં તટ રક્ષક દળના કર્મચારીઓની હિંમત, તાલીમ અને વ્યાવસાયિકતા સાથે આધુનિક ટેકનોલોજીના અસરકારક સંકલનનું પ્રદર્શન કરે છે.